# સરકારી ઇજનેરી કોલેજ,સેક્ટર- 28 , ગાંધીનગર

## કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ (2018) માટે નું ટેન્ડર ફોર્મ

## ટેન્ડર નમ્બર – કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ ૨૦૧૮

## એજંસી એ ધ્યાનમા રાખવાની અગત્યની માહિતી

| | |
|---|---|
| ટેન્ડર આમંત્રિત કરનાર: | આચાર્યશ્રીની કચેરી, સરકારી ઇજનેરી કોલેજ,<br>સેક્ટર- 28 , ગાંધીનગર<br>ફોન નમ્બર (079) 23215167<br>E-mail : gec-gnagar.dte@gujarat.gov.in<br>વેબસાઇટ : **www.gecgh.cteguj.in** |
| વેબ સાઈટ પર બ્લેંક ટેન્ડર ફોર્મ ઉપ્લબ્ધ રહેશે | તારીખ : 2/6//2018 થી 18/6//2018 |
| પ્રી બીડ મીટીંગ તારીખ તથા સ્થળ | તારીખ :11/6/2018 બપોરે 12 કલાકે સેમિનાર હોલ,<br>બ્લોક નમ્બર-1, સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર |
| ડાઉન લોડ કરેલ ટેન્ડર ફોર્મ ભરી રજીસ્ટર્ડ એ.ડી. ટપાલ /કુરિયર/રૂબરૂ થી પંહોચાડવાની તારીખ તથા સરનામુ | તારીખ 20/6/2018 સાંજે પાંચ સુધી<br>આચાર્યશ્રીની કચેરી, સરકારી ઇજનેરી કોલેજ, સેક્ટર- 28 , ગાંધીનગર |
| ટેન્ડર ફોર્મ ફી ની રકમ | Principal , Government Engneering College, Gandhinagar નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રુપીયા 500/- (પરત ન મળવા પાત્ર) નો ડી.ડી. ટેંડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ ની રકમ | આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગરના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રુપીયા 10, 000/- નો ડી.ડી. (શરતી પરત મળવા પાત્ર) ડી.ડી. ટેંડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે |
| ભાવપત્રક ખોલવાની તારીખ તથા સ્થળ | તા:22/6/2018 બપોરે 3.00 કલાકે સેમિનાર હોલ, બ્લોક નમ્બર-1, સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર |

## કેન્ટીન નાં કરાર અંગેના ટેન્ડરની અગત્યની સૂચનાઓ

સરકારી ઇજનેરી કોલેજ,સેક્ટર- 28 , ગાંધીનગર ની કેંટીન ચલાવવા કેન્ટીનની જગ્યા નાં વપરાશ / નિભાવ પેટે તળિયાની રકમ રૂ. ૫૦૦૦/- નક્કી કરેલ હોઈ ભાવ પાંચ હજાર રૂપિયાથી વધુ પ્રમાણે જ ભરવાના રહેશે.. કેન્ટીન ખાતે વિજ વપરાશ જાણવા સબમીટર લગાવેલ છે જેના રીડીંગ પરથી પ્રવર્તમાન દર પ્રમાણે નિયમોનુસાર નું જે બીલ ની રકમ થાય તેમાં ૫૦% રાહત આપવા સાથે થતી બીલ ની રકમ ઠેકેદારે દરેક મહીને અલગથી ચૂકવવાનું રહેશે. ભાગ-3 મા દર્શાવેલ ભાવપત્રકમા આપેલ મેનુ મા કેટ્લીક વાનગી ના ભાવ દર્શાવેલ છે જે ઠેકેદાર ને ફરજિયાત લાગુ પડ્શે . કેન્ટીન ચલાવવા કેન્ટીનની જગ્યા નાં વપરાશ / નિભાવ પેટે સૌથી વધુ ભાવ ભરનાર ( વિજ બિલ વપરાશ પ્રમાણે અલગથી ચૂકવવા ઉપરાંત ) ,ટેન્ડર ની લાયકાત ની શરત સંતોષતા ,ઉમેદવારને કેંટીન ચલાવવા નો કોન્ટ્રાકટ આપવા વિચારણામા લેવામા આવશે..

| | |
|---|---|
| 1 | કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ માટે અરજી કરનાર વ્યક્તી/પેઢી ને રોજ આશરે 100 વ્યક્તીઓ/ 100 ડીશ માટે ચાલતા અ) મોટી શૈક્ષણિક /કોર્પોરેટ સંસ્થાની કેન્ટીન/મેસ ચલાવવાનો અથવા<br>બ) સરકાર/મ્યુનિસિપાલીટી/પાલીકા મા નોંધણી થયેલ મોટા ફૂડ આઉટ્લેટ ચલાવવાનો **એક વર્ષ નો અનુભવ ફરજીયાત હોવો જોઇએ**. દર્શાવેલ અનુભવ માટેના સ્થળ તથા સમયગાળા માટે ફુડ/હેલ્થ વિભાગનુ ના વાંધા પ્રમાણપત્ર/પરવાનગી આપતુ પ્રમાણપત્ર સામેલ કરવાનુ રહેશે. ડીગ્રી ઇજ્નેરી કોલેજ મા કેન્ટીન/મેસ ચલાવવાનો અનુભવ ધરાવનાર ને પ્રાધાન્ય આપવામા આવશે. **અરજદાર પાર્ટી સરકારશ્રી નાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ વિભાગ માં રજીસ્ટ્રેશન ધરાવતી હોવી જોઈએ .** |
| 2 | જે પણ ઠેકેદાર ને કોન્ટ્રાકટ મળે તેણે કોન્ટ્રાકટ મળ્યા તારીખથી એક માસમા સબંધીત લેબર કમિશ્નર કચેરી ખાતે કોન્ટ્રાકટ લેબર રેગ્યુલેશન એક્ટ હેઠળ નોંધણી કરાવી લેબર લાઇસન્સ લેવાનુ તથા તેને આધારીત તમામ ફોર્માલીટીસ/કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે. તથા લેબર આધારીત તમામ નિયમોનુ પાલન કરવાનુ રહેશે. તથા લેબર બાબતે તમામ પ્રકારની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ શરતના ભંગ અન્વયે કોન્ટ્રાકટ રદ કરી શકાશે.જે પણ ઠેકેદાર ને કોન્ટ્રાકટ મળે તેણે કોન્ટ્રાકટ મળ્યા તારીખથી સરકારશ્રી ના ધારા ધોરણ પ્રમાણે અત્રે ની કેંટીન ચલાવવા ફુડ –ડ્રગ / હેલ્થ વિભાગ નુ લાયસંસ / પરવાનગી / ના વાધા પ્રમાણ પત્ર જે પણ લાગુ પડતુ હોય તે ફરજીયાત લેવાનુ તથા તેને આધારીત તમામ ફોર્માલીટીસ/કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે. |
| 3 | કોલેજ કેન્ટીનમાં ઠેકેદારે આપવાની/પીરસવાની વાનગીઓનું પત્રક ભાગ-૩ માં આપવામાં આવ્યું છે.જે ઠેકેદારે ફરજિયાત રીતે માન્ય રાખવાનું રહેશે. ભાગ ૩ મા જેતે વસ્તુ ના ભાવ નિયત કરેલ છે જે દરેક ને ફરજીયાત લાગુ પડશે. શરુઆતમા કોંટ્રાક્ટ ચાર માસ માટે આપવામા આવશે તથા જો આ ગાળા મા તેઓની સેવા સંતોષકારક જણાશે તો વધુ સાત માસ એમ કુલ અગિયાર માસ માટે કોંટ્રાક્ટ આપવામા આવશે. જો કોંટ્રાકટર ને પ્રથમ ત્રણ માસ માટે સેવા આપવાના અનુભવ પરથી તેઓ ચાર માસ પછી કોંટ્રાકટ ચાલુ રાખવા ન માંગતા હોય તો ત્રણ માસ પુર્ણ થતા તરત ( ચાર માસ ની મુદત પુરી થાય તેના એક માસ અગાઉ થી) લેખિત મા જાણ કરવાની રહેશે . |
| 4 | આવેલ ભાવપત્રક પૈકી કયું સ્વિકારવું તથા કોન્ટ્રાકટ કોને આપવો તે બાબતે કેન્ટીન કમિટી ની બેઠકમાં જે નિર્ણય લેવાય તે દરેકને બંધન કરતા રહેશે. |
| 5 | કોઈ પણ પ્રકારનું શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ |
| 6 | આ સાથે કેન્ટીન ચલાવવા માટે શરતો આપવામાં આવી છે.ભાવ ભરનારે તેનો અભ્યાસ કરી તેનું પાલન કરવાનું રહેશે. ભાવપત્રક ભરનાર ઠેકેદારે ટેન્ડર પત્રકના દરેક પાના પર સહી સિક્કા કરવાના રહેશે. |

| | |
|---|---|
| 7 | ભાવ પત્રક ભરનાર ઠેકેદારે ટેન્ડર પરત કરતી વખતે ટેન્ડર ફી પેટે પ્રિન્સીપાલ , સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગરના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રુપીયા 500 (પરત ન મળવા પાત્ર) નો ડી.ડી. આ સાથે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફી વગર અરજી વિચારણામા લેવામા આવશે નહી. |
| 8 | ભાવ પત્રક ભરનાર ઠેકેદારે ટેન્ડર પરત કરતી વખતે ટેન્ડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ (બાના) ની રકમ પેટે આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગરના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રુપીયા 10,000/- નો ડી.ડી. (શરતી પરત મળ્વા પાત્ર) આ સાથે જમા કરાવવાનો રહેશે.બાના ની રકમ ના ડી.ડી. વગર અરજી વિચારણામા લેવામા આવશે નહી. |
| 9 | **જે પાર્ટીને કોન્ટ્રાકટ એવોર્ડ થશે તેણે કોન્ટ્રાકટ મળ્યાના જાણ કરતા પત્રની તારીખથી સાત દિવસમા સીકયુરીટી ડીપોઝીટ પેટે આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગરના નામની કેન્ટીન સેવા માટે રુપીયા 75,000/- (રુપીયા પંચોતેર હજાર પુરા )ની રકમની** ગાંધીનગર/અમદાવાદ, **ગુજરાત** ખાતેની **રાષ્ટ્રીયકૃત બેન્કની 11 માસ મુદત માટેની એફ.ડી.આર. કઢાવી જમા કરાવવાની રહેશે.** જો નિયત સમય મર્યાદામા સીકયુરીટી ડીપોઝીટ ની રકમ જમા કરવામા ન આવે તે સંજોગોમા બાનાની રકમ જપ્ત કરી , ઓર્ડર રદ કરી પછીના લાયક ઠેકેદાર ને ઓર્ડર આપવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના બે માસ બાદ કામગીરી સંતોષ કારક જણાશે અને બિલ સરભર થયે એજંસીને પરત ચુકવવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ પર કોઇ પણ પ્રકારનુ વ્યાજ મળવા પાત્ર થશે નહી |
| 10 | ભાવ ભરેલ ભાવ પત્રકના ટેન્ડર ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે તારીખ 20 /6/2018 સાંજે પાંચ સુધી આચાર્યશ્રીની કચેરી, સરકારી ઇજનેરી કોલેજ, સેક્ટર- 28 , ગાંધીનગર ને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં રજી. એ. ડી. ટપાલ /કુરિયર /રૂબરૂ થી થી મોકલી આપવાના રહેશે. નિયત તારીખ અને સમય બાદ મળેલ ટેન્ડર રદબાતલ ગણાશે .<br>• **કવર-1** મા ભાગ-1 પ્રમાણે લાયકાત ફોર્મ, ભાગ-2 પ્રમાણે શરતો માન્ય હોવાનુ તથા ભાગ-3 માં દર્શાવેલ વાનગી ઓના ભાવ સ્વીકાર્ય હોવાનું હાલ આ સાથે સામેલ ખતપત્ર, રુપીયા 500 નો ટેંન્ડર ફી પેટે ( નોન રિફંડેબલ) રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી., રુપિયા 10,000/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (શરતી રિફંડેબલ) , બાંહેધરીપત્રક, જરુરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ, સામેલ કરવુ (કવર-1 ને લાયકાત ફોર્મ નામ આપવું.)<br>• **કવર-2** મા ભાગ-4 પ્રમાણે ભાવપત્રક સામેલ કરવુ(કવર-ર ને ભાવપત્રક નામ આપવું)<br>• **કવર-3** : કવર-1 અને કવર-2 , બંને ને કવર-3 માં મુકવા (કવર-3 પર કેન્ટીન કોન્ટ્રાકટ અંગેનું ટેન્ડર (૨૦૧૮ ) તથા પાર્ટીનું નામ કવર પર દર્શાવવું.) |
| 11 | નિયત સમય મર્યાદામાં રજી. એ. ડી.ટપાલ /કુરિયર /રૂબરૂ થી મળેલ ટેન્ડરો તા. : ૨૨/૬/૨૦૧૮ નાં રોજ 3 કલાકે , સંસ્થાના સેમીનાર હોલ, બ્લોક 1 ખાતે ખોલવામાં આવશે જેમાં ટેન્ડર ભરનાર હાજર રહી શકશે. |
| 12 | ટેન્ડર ફોર્મ ભરીને રજી. એડી. થી મોકલવાના ટેન્ડરના સીલબંધ કવર પર કેન્ટીન ચલાવવા નાં કરાર અંગે નું ટેન્ડર (૨૦૧૮) એમ સંબંધિત ટેન્ડરના બંધ કવર પર મોટા અક્ષરે સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. |
| 13 | આચાર્યશ્રી , સરકારી ઈજનેરી કોલેજ , સેક્ટર 28, ગાંધીનગર ને ભરેલા ટેન્ડરો સ્વિકારવા / નાં સ્વિકારવા , ટેન્ડર તથા ટેન્ડરની આખી પ્રક્રિયા રદ કરવાનો નિર્ણય લેવાનો અબાધિત અધિકાર રહેશે. |

## <u>ભાગ- 1</u>

# સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર

## કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ માટે નું લાયકાત ફોર્મ

| | | |
|---|---|---|
| 1) | અરજદાર એજન્સીનું નામ , સરનામુ , કોન્ટેક્ટ નમ્બર<br>(નીચે લખવુ)<br><br>**સરનામાનો પુરાવો સામેલ કરવો** | અરજદાર નો પાસપોર્ટ સાઈઝ ફોટો |
| 2) | અરજદારનો પાન કાર્ડ નંબર →<br>(પ્રમાણીત નકલ સામેલ કરવી) | |
| 3) | અરજદારે તેઓની ફર્મની નોંધણી કરાવેલ છે? હા કે ના હોયતો તેનો નમ્બર, નોંધણી થયેલ હોય તે કચેરીનુ નામ : →<br>**(પ્રમાણીત નકલ સામેલ કરવી)** | |
| | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર ( ફરજીયાત પણે હોવો જરૂરી છે ) | |
| 4) | ટેંડર ફી ના ડી.ડી.ની વિગત : →<br>અ) રકમ<br>બ) નમ્બર<br>ક) તારીખ<br>ડ) બેંક નુ નામ તથા સરનામુ<br>**ઓરિજીનલ ડી.ડી. સામેલ કરવો** | |
| 5) | અર્નેસ્ટમની ડીપોઝીટ ના ડી.ડી.ની વિગત: →<br>અ) રકમ<br>બ) નમ્બર<br>ક) તારીખ<br>ડ) બેંક નુ નામ તથા સરનામુ<br>**ઓરિજીનલ ડી.ડી. સામેલ કરવો** | |

| | | | |
|---|---|---|---|
| 6 | કેટરિંગસેવા આપેલ સંસ્થાનું નામ સરનામુ /ફુડ આઉટ્લેટની જ્ગ્યાનુ નામ સરનામુ | કરારનો/એસ્ટાબ્લીસ્મેન્ટ ચાલુ હોવાનો સમયગાળો તારીખ થી તારીખ | રોજ આશરે કેટલા વ્યક્તિને /કેટ્લી ડીશ કેટરીંગ આપ્યુ તેની સંખ્યા |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| 7 | શૈક્ષણિક/કોર્પોરેટ સંસ્થા ખાતે કેંટીન/મેસ ચલાવ્યાના કિસ્સામા | | |
| | વ્યક્તી/સંસ્થા/પેઢીનુ રજિસ્ટ્રેશન → | સામેલ કરેલ છે / સામેલ કરેલ નથી | |
| | પ્રત્યેક વર્કઓર્ડર તથા સંતોશકારક સેવા આપ્યાના અનુભવનુ પ્રમાણીત પ્રમાણપત્ર → | સામેલ કરેલ છે / સામેલ કરેલ નથી | |
| | જે તે સ્થળ તથા સમય માટે તેઓને ફુડ/હેલ્થ વિભાગ નુ ના વાંધા પ્રમાણપત્ર /પરવાનગી આપતુ પ્રમાણપત્ર →<br>વિ.ની નકલ સામેલ કરેલ છે ? હા કે ના<br>(માત્ર વર્કઓર્ડર કે માત્ર અનુભવનુ પ્રમાણપત્ર વિચારણામા લેવામા આવશે નહી) | સામેલ કરેલ છે / સામેલ કરેલ નથી | |
| 8 | ફુડઆઉટ્લેટ ચલાવવાના કિસ્સામા શોપ/એસ્ટાબ્લિશ્મેંટનુરજિસ્ટ્રેશન/ → | સામેલ કરેલ છે / સામેલ કરેલ નથી | |
| | એક વર્ષની બેલેંસશીટ/અથવા સેલ્સટેક્ષ્ યા વેલ્યુ એડેડ ટેક્ષ/ગુડ્સ & સર્વિસટેક્ષ વિભાગનુ પ્રમાણપત્ર & એક વર્ષના રિટર્ન | સામેલ કરેલ છે / સામેલ કરેલ નથી | |
| | દર્શાવેલ અનુભવ માટેના સ્થળ તથા સમયગાળા | સામેલ કરેલ છે / સામેલ કરેલ નથી | |

| | | |
|---|---|---|
| | માટે તેઓને ફુડ/હેલ્થ વિભાગ નુ ના વાંધા પ્રમાણપત્ર/પરવાનગી આપતુ પ્રમાણપત્ર તથા → | |
| | ફૂડ આઉટ્લેટના સ્થળ ના જાહેર સેવક / પ્રતિષ્ઠિત વ્યક્તીનુ તેઓની સારી કામગીરી બાબતનુ પ્રમાણપત્ર સામેલ કરેલ છે? હા કે ના. હા તો તેની વિગત | સામેલ કરેલ છે / સામેલ કરેલ નથી |
| 9 | અરજદારે નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તેમજ પોલીસ/કોર્ટ રેકોર્ડ પર કેસ નથી,તે અંગેનું બાંહેધરીપત્ર સહી કરી સામેલ કરેલ છે ? હા કે ના | |

કેન્ટીન ચલાવવા માટેની શરતો વાંચી-સમજીને સ્વીકારી શરતવાળુ ફોર્મ સહી કરી સામેલ કરેલછે

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ..........................................

ટેન્ડર ભરનારની સહી..........................................

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

## નોંધ:

| | |
|---|---|
| 1 | જો કોઈ અરજદારે શૈક્ષણિક/કોર્પોરેટ સંસ્થા ખાતે કેંટીન/મેસ ચલાવ્યાનો અનુભવ દર્શાવેલ હોય તો તેઓ તરફથી મળેલ વર્ક ઓર્ડરની પ્રમાણીત નકલ તથા સંતોષકારક સેવા આપ્યા અંગેનુ અનુભવના પ્રમાણપત્ર ની નકલ , તે સ્થળ તથા સમય માટે તેઓને ફુડ/હેલ્થ વિભાગનુ ના વાંધા પ્રમાણપત્ર /પરવાનગી આપતુ પ્રમાણપત્ર ની પ્રમાણીત નકલ વિ.સામેલ કરવાની રહેશે. વર્ક ઓર્ડર/ અનુભવના પ્રમાણપત્ર બંનેમાંથી જો એક જ પ્રમાણપત્ર જમા કરાવેલ હશે તો તેવી અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. |
| 2 | જો કોઈ અરજદારે ફૂડ આઉટ્લેટ ચલાવતા હોવાનુ દર્શાવેલ હોય તો તે માટે લેબર લાઇસંસ, શોપ/એસ્ટાબ્લિશમેંટ/પેઢીનુ સરકાર /મ્યુનિસિપાલીટી/પાલીકા મા રજિસ્ટ્રેશન થયેલ હોવાના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ તથા તેની ઓછામાં ઓછા એક વર્ષ માટે વેરા ભર્યાની પહોંચ ,સંબંધિત એક વર્ષની બેલેંસશીટ/સેલ્સટેક્ષ્ યા વેલ્યુ એડેડ ટેક્ષ/ સર્વિસ ટેક્ષ વિભાગ નુ રજિસ્ટ્રેશન થયેલ હોવાના પ્રમાણપત્ર , તે સ્થળ તથા સમય માટે તેઓને ફુડ/હેલ્થ વિભાગ નુ ના વાંધા પ્રમાણપત્ર /પરવાનગી આપતુ પ્રમાણપત્ર , એક વર્ષના રિટર્ન તથા ફૂડ આઉટ્લેટના સ્થળ ના જાહેર સેવક / પ્રતિષ્ઠિત વ્યક્તીનુ તેઓની સારી કામગીરી બાબતનુ પ્રમાણપત્ર સામેલ કરવુ. |

| | |
|---|---|
| 3 | **દર્શાવેલ અનુભવ પૈકીના કોઈ પણ  એક વર્ષ માટે મંગાવેલ તમામ દસ્તાવેજ ની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ હોય , માત્ર તેવી અરજી વિચારણામાં લેવામાં આવશે.** |
| 4 | અરજદાર પાર્ટી સરકારશ્રી નાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ વિભાગ માં ફરજીયાત રજીસ્ટ્રેશન ધરાવતી હોવી જોઈએ . |
| 5 | અરજદારે નીચે પ્રમાણે ની વિગતો અલગ-અલગ કવરમાં રજુ કરવાની રહેશે, તેમજ દરેક સીલબંધ કવર ઉપર જે તે વિગતો દર્શાવતું નામ, અરજદાર એજન્સીનું નામ, "સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર કેન્ટીન કોન્ટ્રાકટ (2018 )" તેમ લખવાનું રહેશે.<br>• કવર-1, ભાગ-1 પ્રમાણે લાયકાત ફોર્મ, ભાગ-2 પ્રમાણે પરિશિષ્ટ-1,2 તથા ભાગ-3 પ્રમાણે વાનગીઓ માટેનું ભાવ પત્રક સ્વીકાર્ય હોવાનું બાંહેધરીપત્રક  , રુપીયા 500 નો ટેંન્ડર ફી પેટે ( નોન રિફંડેબલ) રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી., રુપિયા 10,000/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (શરતી રિફંડેબલ) , બાંહેધરીપત્રક, જરુરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની પ્રમણીત નકલ, ભાગ-3 પ્રમાણે શરતો માન્ય હોવાનુ ખતપત્ર સામેલ કરવુ (કવર-૧ ને લાયકાત ફોર્મ નામ આપવું.)<br>• કવર-2,  ભાગ-4 પ્રમાણે ભાવપત્રક (કવર-૨ ને ભાવપત્રક નામ આપવું)<br>• કવર-3 : કવર-1  અને  કવર-2 , બંને ને  કવર-3 માં મુકવા<br>(કવર-3 ને કેન્ટીન કોન્ટ્રાકટ અંગેનું ટેન્ડર તથા પાર્ટીનું નામ કવર પર દર્શાવવું.) |

# બાહેંધરી પત્રક

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી ઇજ્નેરી કોલેજ - ગાંધીનગર

**સરકારી ઇજ્નેરી કોલેજ, ગાંધીનગર માટે કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ (2018) માટે અરજી કરવા અન્વયે** આથી બાહેંધરી આપવામાં આવે છે કે અમો કોઇ પણ નાણાકીય સંસ્થા/બેંક ના ડીફોલ્ટર નથી. તેમજ અમારા ઉપર કોઇ પોલીસ/કોર્ટ કેસ થયેલ નથી. જે બાબતની અમે ખાત્રી આપીએ છીએ.

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

**સીલ**

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

## ભાગ-2

# સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર માટે કેન્ટીન ચલાવવા માટે શરતો (2018)

## ( આ શરતો માન્ય હોવાનુ દરેક પાના પર સહી કરી કવર-1 મા સામેલ કરવાનુ રહેશે)

| | |
|---|---|
| **A)** | **કેન્ટીન સેવા ચાલુ રાખવાના દિવસો તથા સમય અનુસંધાને લાગુ પડતી શરતો** |
| **A-1** | કરાર મળ્યાના ત્રણ દિવસ મા કેન્ટીન ચાલુ કરવાની રહેશે . સંસ્થામા સરકારી નિયમ મુજ્બ જાહેર રજા ના દિવસો તથા હાલ પ્રત્યેક માસના બીજા તથા ચોથા શનિવારે તથા પ્રત્યેક રવિવારે સંસ્થા બંધ રહેછે તે ધ્યાન મા રાખી સંસ્થા ચાલુ હોય તે દિવસોમા કેંટીન ફરજિયાત ખુલ્લી રાખવાની રહેશે. વેકેશન/રજા નાં દિવસો ના સમય દરમ્યાન પણ કેંટીન ચાલુ રાખવાની રહેશે તથા નિયત દર મુજબ જ ભાડુ ચુકવવાનુ રહેશે.કેન્ટીન કોન્ટ્રાકટર , સંસ્થાની પૂર્વ મંજુરી સિવાય કેન્ટીન બંધ રાખી શકાશે નહી. કેંટીન્ મા રજા રાખવા બાબતે ગુમાસ્તા ધારા /અન્ય સમ્બંધિત પ્રવર્તમાન નિયમ નુ પાલન કરવાનુ રહેશે. |
| **A-2** | કેન્ટીન **સવારે 7.30 વાગ્યાથી રાત્રે 9.00** વાગ્યા સુધી જ કોન્ટ્રાકટરને વાપરવા માટે આપવામાં આવશે. તે સમય બાદ કેન્ટીન બંધ કરી દેવાની રહેશે. |
| B) | **કેન્ટીન મા રાખવાની થતી ખાધ્ય વાનગી,ગુણવત્તા, ભાવ તથા સેવા અનુસંધાને લાગુ પડતી શરતો** |
| B-1 | અનાજ-કઠોળ-મસાલા-શાક વિગેરે વ્યવસ્થિત સફાઇ કરીને રસોઇ બનાવવાની રહેશે રસોડામાં દરેક વસ્તુઓ સારી કવોલીટીની વાપરવાની રહેશે. રસોઇ માટે બ્રાંડેડ કમ્પનીના રીફાઇંડ અ) શીંગતેલ/સોયાબીન તેલ/ સુર્યમુખી તેલ/ રાઇસ બ્રાન તેલ /ક્પાસીયા તેલ બ) ભાત માટે જીરાસર/કૉલમ કે તેને સમકક્ષ ક્વોલીટીના ચોખા ક) ઘઉ તથા કઠોળ સારા દાણા ડ) બ્રાંડેડ કમ્પનીની જ ડેરી પ્રોડક્ટસ/મસાલા/સોસ-કેચપ વિગેરે નો ઉપયોગ કરવાનો રહેશે. કંપની ધ્વારા સપ્લાય થતી સ્ટાન્ડર્ડ વસ્તુ સિવાયની તમામ વસ્તુઓ કેન્ટીનમાં જ બનાવવાની રહેશે. હાયડ્રોજીનેટેડ વનસ્પતી ઓઇલ નો ઉપયોગ કરી શકાશે નહી. |
| B-2 | કોન્ટ્રાકટરે બધી વાનગીઓ નાં ભાવ ટેંડર મા ભરેલ ભાવ પ્રમાણે લેવાના રહેશે . સ્ટાન્ડર્ડ કંપનીના બિસ્કીટ, વેફર,પોપકોર્ન , નમકીન, દુધ , સોફ્ટ ડ્રીંકસ (માઝા, ફ્રુટી વિગેરે ) મેક્સિમમ રિટેલ પ્રાઇસ પ્રમાણે આપવાનુ રહેશે . કોન્ટ્રાકટ આપતી વખતે નકકી થયેલ વસ્તુઓ સિવાયની અન્ય વસ્તુઓ રાખવા માટે કેન્ટીન કમિટીની લેખિત મંજુરી લેવાની રહેશે તથા કેન્ટીન કમિટી દ્વારા જે ભાવ મંજુર રાખેલ હશે તે ભાવ જ આવી વાનગીઓના લેવાના રહેશે. જો કોન્ટ્રાકટરને તેમની સંમતિથી એક્ષ્ટેન્શન આપવામાં આવે તો દરેક વસ્તુના ભાવની બજારભાવ પ્રમાણે સમીક્ષા કરી કેન્ટીન કમિટી દ્વારા જે ભાવ મંજુર રાખેલ કરવામાં આવે તે જ ભાવ, કોન્ટ્રાકટરે બધી વાનગીઓ ના લેવાના રહેશે. બન્ને પક્ષની સંમતિથી કરારની મુદત પૂરી થયા બાદ વધુમાં વધુ ૧૧ માસ માટે એક્ષ્ટેન્શન આપી શકાશે. આવું એક્ષ્ટેન્શન વધુમાં વધુ બે વખત આપી શકાશે. |
| B-3 | કેન્ટીન મા તાજા ખાધ્ય પદાર્થો જ રાખવાના /પીરસવાના રહેશે. સરકારની સુચના પ્રમાણે ફાસ્ટ ફૂડ ની વ્યાખ્યા મા આવતા ખાધ્ય પદાર્થો સરકારી આદેશ પ્રમાણે કેંટીન મા ના રાખવાની સુચના |

| | |
|---|---|
| | હોયતો તોમ તે પ્રમાણે અમલ કરવાનો રહેશે . જો મેનુ મા દર્શાવેલ કોઇ પણ વાનગી ફાસ્ટ ફુડ ની વ્યાખ્યા મા આવે તો તે પણ રાખી શકાશે નહી . ખાધ પદાર્થોની ગુણવતા અને વજન અંગે કેન્ટીન કમિટી (પાંચ વિદ્યાર્થીઓ તથા ત્રણ પ્રાધ્યાપકો) ગમે ત્યારે ચકાસણી કરી શકશે. જેમાં ખામી જણાતા કમીટી યોગ્ય લાગે તે દંડ કરી શકશે /કોન્ટ્રાક્ટ રદ કરી પાર્ટીને બ્લેક લીસ્ટમા મુકવામાં આવશે. દરેક બાબતમાં કેન્ટીન કમિટી નો નિર્ણય આખરી અને બંધન કર્તા રહેશે. |
| B-4 | કોન્ટ્રાકટરે દર મહિને કેન્ટીન કમિટી સાથે મીટિંગ કરવાની રેહેશે તથા તેઓ દ્વારા સુચવાયેલ મેનુ પ્રમાણે રોજેરોજ વાનગીઓ ફરજીયાત રાખવાની /બનાવવાની રહેશે. જો આ શરતનું પાલન નહિ થાય તો તે બાબતે કેન્ટીન કમિટી અ) સુધારાની તક આપી શકશે બ) પેનલ્ટી ફટ્કારી શકશે ક) કોન્ટ્રાક્ટ રદ કરી શકશે ડ) સિક્યોરીટી ડિપોજીટ્ની રકમ જપ્ત લઈ શકશે. |
| B-5 | તોલમાપ વિભાગ દ્વારા માન્ય કરેલ હોય તેવોજ ડીઝીટલ વજન કાંટો રાખવાનો રહેશે. |
| B-6 | કેન્ટીનમાં પાન-ગુટકા ,બીડી, તમાકુ, સીગારેટનું તેમજ પ્રતિબંધીત ચીજોનું વેચાણ કરી શકાશે નહીં. તેમજ કેન્ટીનમાં કામ કરતા કોન્ટ્રાકટર કે કર્મચારીઓ પણ સેવન કરી શકશે નહીં. |
| B-7 | ચા-કોફી માટે કાચ ના, સ્ટીલના કે કાગળના કપ વાપરવાના રહેશે. |
| B-8 | ઠેકેદારે પોતાના માણસો દ્વારા કોલેજ સ્ટાફને જે-તે વિભાગમા ઓર્ડર અનુસાર પ્રાધાન્ય આપી ચા-કોફી ,જે-તે ફુડ આઇટમ પહોંચાડવાની રહેશે. |
| B-9 | સંસ્થાના છાત્રો કેન્ટીનમાં પોતાનો નાસ્તો લઈને આવે તો તેમને બેસવા દેવાની છુટ આપવાની રહેશે. |
| B-10 | કેંટીન નો ઉપયોગ નોનવેજ વસ્તુ રાખવા/બનાવવા/પિરસવા તથા અન્ય આલ્કોહોલ કે સરકાર દ્વારા પ્રતિબંધિત વસ્તુ રાખવા/ બનાવવા/પિરસવા માટે થઈ શકશે નહી અન્યથા દંડ કરવામા આવશે ,કેંટીન કરાર તાત્કાલીક અસરથી રદ કરવામા આવશે તથા સિક્યોરીટી ડિપોજીટ ની રકમ પણ જપ્ત કરવામા આવશે. |
| C | **કેન્ટીન ઠેકેદારને અપાયેલ જગ્યા/વસ્તુ ની જાળવણી તથા ઠેકેદારે રાખવાની થતી વસ્તુઓ બાબતે શરતો** |
| **C-1** | કોન્ટ્રાકટર કેન્ટીન સંભાળે ત્યારે જે સ્થિતીમાં આપવામાં આવી હોય તેનું લીસ્ટ કરી બે દિવસમાં કમિટીને આપવાનું રહેશે. અને કોન્ટ્રાકટ પુરો થયે આ વસ્તુઓ જે સ્થિતીમાં આપેલ હોય તે જ સ્થિતીમાં કેન્ટીન કમિટીને પરત સોંપવાની રહેશે |
| **C-2** | કેન્ટીન માં વાસણો-ગેસ-ચુલા વિગેરે રસોઇની તથા જમવાની / પીરસવાની સમગ્ર વસ્તુઓની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરે કરવાની રહેશે. સંસ્થા ખાતે પાઇપ્ડ નેચરલ ગેસ નુ કનેક્શન લેવામા આવે તો રસોઇ માટે ફરજિયાત પણે તેનો જ ઉપ્યોગ કરવાનો રહેશે તથા તે માટે ના બિલ ની રક્મ સમ્બંધીત માસ ના કેંટીન ના ભાડા ની રક્મ સાથે અલગ ચેક થી ભરપાઇ કરવાની રહેશે . |
| **C-3** | કેન્ટીન માં રહેલ પંખા, ટયુબલાઇટ, સ્વીચ વિગેરે તથા ફર્નીચર તેમજ અન્ય વસ્તુઓ તુટે-ફુટે બંધ પડે તેની રીપેર કરવાની કે નવું કરવાની , કોઈ પણ વસ્તુ ગાયબ ના થાય તે જોવાની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. વીજળી નો વપરાશ પ્રમાણસર કરવાનો રહેશે. વીજળી વેડ્ફાય તે રીતે વપરાશ થતો જોવા મળ્શે તો કેંટીન કમીટી યોગ્ય લાગે તે દંડ કરી શકશે. |
| **C-4** | કેન્ટીન માં આર.ઓ. વોટર પ્યુરીફાયર તથા પાણી ના કુલર કેન્ટીન ચાલુ હોય ત્યારે ફરજીયાત ચાલુ રાખવાનું રહેશે તથા તેની સાફ સફાઇ તથા રીપેરિંગ કરવાની વ્યવસ્થા તથા તેના ખર્ચની |

| | |
|---|---|
| | જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. આર.ઓ. વોટર પ્યુરીફાયર  તથા પાણી ના કુલર સંસ્થા તરફથી ચાલુ કંડીશન માં અપાયા બાદ નો મરામતનો ખર્ચ ઠેકેદાર એ કરવાનો રહેશે. |
| **C-5** | કેન્ટીનમાં કોઇપણ પ્રકારના મ્યુઝીક સીસ્ટમ/ટી.વી. નો ઉપયોગ કરી શકાશે નહીં. |
| **C-6** | કેન્ટીનમાં ઉપલબ્ધ પાણી પુરવઠો જો કોઈ સંજોગોમા ખોરવાય તો પાણીની વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે. |
| **D)** | **કેન્ટીન ઠેકેદારને  સ્વચ્છતા તથા ફૂડ વેસ્ટ નિકાલ અનુસંધાને લાગુ પડતી શરતો** |
| **D-1** | **કેન્ટીન ઠેકેદારને** કેન્ટીનમાં તથા તેની આસપાસ કોઇપણ જાતની ગંદકી ના થાય તે બાબતે યોગ્ય ધ્યાન આપવાનું રહેશે અને રોજેરોજ બધા વાસણો તથા કપ, રકાબી, ડીશ વિગેરે બરાબર સાફ કરી લુછ્યા પછી વાપરવાના રહેશે. તેમજ જે-તે ઓર્ડર પુર્ણ થયે તરત ટેબલ ખુરશી સાફ કરવાના રહેશે.કેન્ટીનના બારી બારણા તથા કાચ બરાબર સાફ રાખવાના રહેશે. કેન્ટીનમાં તથા તેની આસપાસ ની જગ્યા તેમજ વોશબેસીન અને ટોયલેટ નિયમિત રીતે બરાબર સાફ કરવાના રહેશે. સફાઇની સામગ્રી કોન્ટ્રાકટરે પોતાની વાપરવાની રહેશે |
| **D-2** | કોલેજ કેન્ટીનનો તમામ પ્રકારનો કચરો નિયમીત રીતે નિકાલ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જો સંસ્થા ખાતે કિચન વેસ્ટ આધારીત બાયોગેસ પ્લાંટ ઉભો કરવામા આવે તો ફુડ વેસ્ટનો બાયોગેસ પ્લાંટ ખાતે સ્વખર્ચે નિકાલ કરવાનો રહેશે. |
| **D-3** | કેન્ટીનની ગટરની તથા કેન્ટીન ના બિલ્ટ અપ એરિયાની સફાઇ બ્હાર ફરતે ૧૦ ફૂટ જગ્યા કોન્ટ્રાકટરે સ્વખર્ચે અને પોતાની જવાબદારી હેઠળ નિયમીત કરાવવાની રહેશે. કેન્ટીન માટે જે વસ્તુ/ જગ્યા તમોને આપવામાં આવશે તે બધી જ સ્વચ્છ રાખવાની રહેશે |
| **D-4** | દર મહિને એક વખત ઠેકેદારે કોલેજ કેંન્ટીનની નિયમીત સેવા ને અસર ના થાય તે રીતે માન્ય જંતુનાશક નો ઉપયોગ કરી વપરાશની જગ્યા જંતુમુક્ત-સ્વચ્છ કરવાની રહેશે. |
| E) | **કેન્ટીન ઠેકેદારને  કેંટીન ચલાવવા જરુરી પરવાનગી , લાગુ પડતા વેરા તથા રાખવાના થતા સ્ટાફ તથા તેઓની વર્તણુક બાબતે લાગુ પડતી શરતો** |
| E-1 | જે પણ ઠેકેદાર ને કોન્ટ્રાકટ મળે તેણે કોન્ટ્રાકટ મળે તારીખથી એક માસ મા સબંધીત લેબર કમિશ્નર કચેરી ખાતે કોન્ટ્રાકટ લેબર રેગ્યુલેશન એક્ટ હેઠળ નોંધણી કરાવી લેબર લાઇસન્સ લેવાનુ તથા તેને આધારીત તમામ ફોર્માલીટીસ/કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે તથા લેબર આધારીત તમામ નિયમોનુ પાલન કરવાનુ રહેશે. લેબર આધારિત કોઇપણ પ્રશ્નો માટે સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે . |
| **E-2** | કેન્ટીન ચલાવવા માટે જરુરી ફૂડ/આરોગ્ય ખાતા તરફથી જરૂરી લાયસન્સ મંજુરી વિગેરે કોન્ટ્રાકટરે વખતો વખત લેવાની રહેશે. તેમજ તે અંગેની સંપુર્ણ ખર્ચ સાથેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. પેઢીનો નોંધણી નમ્બર હોવો ફરજીયાત છે.જે દર્શાવવાનો રહેશે.સરકારશ્રીનાં આરોગ્ય ખાતાના નિયમો મુજબ કેન્ટીન ચલાવવાની રહેશે. કેંન્ટીન માટે જે પણ વેરા આવશે તે વેરો ભરવાની જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે. |
| **E-3** | કેન્ટીનમાં બાળ મજૂરો રાખી શકાશે નહીં. સરકારશ્રી ના ધારા-ધોરણનો અમલ કરવાનો રહેશે. જો ભંગ કરવામાં આવશે તો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે. |
| **E-4** | કેન્ટીનમાં કામ કરતા દરેક કર્મચારીને કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે ગણવેશ આપવાનો રહેશે. કામના સમય દરમ્યાન દરેક કર્મચારીએ ગણવેશ પહેરવાનો રહેશે તેમજ ગણવેશની સ્વચ્છતા જાળવવાની |

| | |
|---|---|
| | રહેશે. રસોડામા ના પ્રત્યેક સ્ટાફે ફરજ દરમ્યાન માથે ટોપી તથા ખાદ્ય પદાર્થ દુષિત ના થાય તે માટે જરુર મુજબ હાથમા ગ્લોવ્જ પહેરવાના રહેશે. |
| E-5 | કેન્ટીનમાં કામ કરતા દરેક કર્મચારીએ નિયમીત રીતે હાથ-પગના નખ કાપવાના રહેશે. કોઇ પણ પ્રકારના ચેપી રોગ/ચામડીના રોગ ધરાવતા કર્મચારીને કામે રાખી શકશે નહીં. દરેક કર્મચારીનું મેડીકલ ચેક-અપ કરાવવાનું રહેશે. તેઓ સામે કોઇપણ પોલીસ/ન્યાયાલય મા કેસ ચાલુ ના હોવો જોઇએ, તેઓ ગેરકાયદેસર પ્રવ્રુત્તિમા ના જોડાયેલ હોવા જોઇએ,તેઓ શારીરીક તથા માનસીક રીતે સ્વસ્થ હોવા જોઇએ. |
| E-6 | કેન્ટીનની અંદરની જગ્યાનો ઉપયોગ , કોન્ટ્રાકટર કે તેમના કોઇ પણ કર્મચારી રહેણાક માટે કરી શકશે નહી. કેન્ટીનમા કામ કરતા કર્મચારીઓને જો ફરજ દરમ્યાન કોઇપણ પ્રકારનો અકસ્માત/ઈજા/મૃત્યુ થશે તો તેની સમ્પુર્ણ જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે. |
| E-7 | કેન્ટીન કોન્ટ્રાકટરે પોતે અથવા તેમના દ્વારા નિયુક્ત કેન્ટીન મેનેજરે કેન્ટીનના સમય દરમિયાન ફરજીયાત હાજર રહેવાનું રહેશે. |
| E-8 | કેન્ટીનમાં ફરજ બજાવતા દરેક સ્ટાફે છાત્ર/કર્મચારી સાથે વિવેકથી વર્તવાનું રહેશે .જો કેન્ટીનમાં કોઇ પણ પ્રકારના ગેરવર્તણુક ની ફરિયાદ મળશે તો કેન્ટીન નો કરાર રદ કરવાની સત્તા કેન્ટીન કમિટિની રહેશે. |
| E-9 | કેન્ટીન કોન્ટ્રાકટરે કેન્ટીન તથા આસપાસની જગ્યા માં સફાઇ કરવા માટે અલગ માણસ ની વ્યવસ્થા કરવાની રહેશે. |
| **F)** | **કેન્ટીન ઠેકેદારને કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ અનુસંધાને લાગુ પડતી વાણિજ્યીક (કોમેર્શિયલ) શરતો** |
| F-1 | અર્નેસ્ટ મની પેટે દરેક પાર્ટીએ રુ. 10,000/- નો Principal , Government Engineering College, Gandhinagar નામે રાષ્ટ્રીયકૃત બેન્કનો ડી.ડી. જમા કરાવવાનો રહેશે. જે પાર્ટી કોન્ટ્રાકટ મેળવવા પાત્ર થશે નહીં તેને આ ડી.ડી. પરત કરવામાં આવશે. |
| F-2 | જે પાર્ટીને કોન્ટ્રાકટ એવોર્ડ થશે તેણે કોન્ટ્રાકટ મળ્યાના જાણ કરતા પત્રની તારીખથી સાત દિવસમા સીકયુરીટી ડીપોઝીટ પેટે Principal , Government Engineering College, Gandhinagar નામની કેન્ટીન સેવા માટે રુપીયા 75,000/- (રુપીયા પંચોતેર હજાર પુરા )ની રકમની ગાંધીનગર, ગુજરાત ખાતેની રાષ્ટ્રીયકૃત બેન્કની ૧૧ માસ મુદત માટેની એફ.ડી.આર. કઢાવી જમા કરાવવાની રહેશે. જો નિયત સમય મર્યાદામા સીકયુરીટી ડીપોઝીટ ની રકમ જમા ન કરવામા ન આવે તે સંજોગોમા બાનાની રકમ જપ્ત કરી , ઓર્ડર રદ કરી પછીના લાયક ઠેકેદાર ને ઓર્ડર આપવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના એક માસ બાદ કામગીરી સંતોષ કારક જણાશે અને બિલ સરભર થયે એજંસીને પરત ચુકવવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ પર કોઇ પણ પ્રકારનુ વ્યાજ મળવા પાત્ર થશે નહી |
| F-3 | **કેન્ટીનની જગ્યાનો ઉપયોગ સંસ્થાના છાત્રો /કર્મચારીઓ તથા સંસ્થા ખાતેના મુલાકાતીઓ માટે જ કરી શકાશે અન્ય કોઈ અંગત કે કોમેર્શિયલ હેતુ માટે કેન્ટીન/મેસની જગ્યાનો ઉપયોગ કરી શકાશે નહી.ઠેકેદારે કોઈ પણ પ્રોડક્ટ / કંપની ની જાહેરાતનાં પોસ્ટર /બેનર /હોર્ડિંગ પ્રદર્શિત કરવાનાં રહેશે નહિ. કેન્ટીન કોન્ટ્રાકટ રદ કરવાનો કેન્ટીન કમિટીને અબાધિત અધિકાર રહેશે, તેમજ આ બાબતમાં કોઇ તકરાર કે પત્રવ્યવહાર કરવામાં નહીં આવે.** |
| F-4 | કોન્ટ્રાકટર ધ્વારા જો કેન્ટીન સેવા,કરાર ના સમય ગાળા દરમ્યાન વચ્ચેથી બંધ/રદ કરવામાં |

| | |
|---|---|
| | આવશે તો સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. |
| F-5 | કોન્ટ્રાકટનો સમયગાળો કોન્ટ્રાકટ આપ્યાની તારીખથી 11 માસ માટે આપવામાં આવશે. તેમજ જો કરાર ના સમય દરમ્યાન સેવા સારી રહેલ હોય તથા છાત્ર હિતમા જરુર લાગેતો કેન્ટીન સમિતીની ભલામણ ને અનુસંધાને આ કરાર વધુ 11 માસ કે તેના જે-તે ભાગ માટે લમ્બાવી આપી શકાશે, જે દરમ્યાન વાનગીઓના ભાવ પણ હાલના ભાવપત્રક સમાન જ રાખવાના રહેશે. . આ સમયમાં વધારો કે ઘટાડો કરવાના તમામ અબાધીત અધિકાર કેન્ટીન કમિટી/સંસ્થાના વડાના રહેશે. |
| F-6 | જે કોન્ટ્રાકટરને કેન્ટીન કોન્ટ્રાકટ આપ્યો હશે તેણે જ કેન્ટીન ચલાવવાની રહેશે. બીજી કોઇ વ્યકિતને કેન્ટીન ચલાવવા માટે ભાડે કે પેટાભાડે ચલાવવા માટે આપી શકાશે નહીં. કોન્ટ્રાકટરે અન્ય કોઇને કેન્ટીન ચલાવવા ભાડે કે પેટા ભાડે આપ્યાનું કેન્ટીન કમિટીની જાણમાં આવશે કે તુરંતજ કોન્ટ્રાકટર પાસેથી કેન્ટીન નો કબ્જો પરત લઇને કેન્ટીન કમિટી સીકયુરીટી ડીપોઝીટની રકમ પણ જપ્ત કરશે અને આ બાબતે કોન્ટ્રાકટરનો કોઇપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહીં. |
| F-7 | કેન્ટીન અંગે જો કોન્ટ્રાકટરને કોઇપણ રજુઆત કરવાની થાય તો તે ફકત કમિટીને જ કરવાની રહેશે, અને તેનો નિર્ણય આખરી ગણાશે, તેમજ તે પ્રમાણે અમલ કરવાનો રહેશે. |
| F-8 | ઉપરોકત કલમોમાં દર્શાવ્યા સિવાયની કોઇ મૌખીક સુચનાઓ કેન્ટીન કમિટી ધ્વારા આપવામાં આવશે તો તે કેન્ટીન કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે |
| F-9 | કોઇપણ ગ્રાહક સાથેનો આર્થિક વ્યવહાર (ઉધાર-રોકડા-ખાતુ) વિગેરેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. **સરકારની સુચના પ્રમાણે કેંટીન ના તમામ વ્યહવાર કેશ લેસ કરવાની સમ્પુર્ણ તૈયારી કેંટીન કોન્ટ્રાકટર એ રાખવાની રહેશે .** |
| F-10 | ટેન્ડર પાસ થયે મંજુર થયેલ વાનગી તથા ભાવોના લીસ્ટનું બોર્ડ કોન્ટ્રાકટરે સ્વખર્ચે લગાડવાનું રહેશે અને ત્યારબાદ જ કેન્ટીન શરુ કરવાની રહેશે. |
| F-11 | કેન્ટીનમા ટેંન્ડર મા ભરેલ (ઉપયોગ/ઘસારા) અનુસંધાને માસીક ભાડા ની રકમ તથા વિજ વપરાશ નાં બીલની રકમ જે-તે માસ પુર્ણ થયા બાદના માસની 1 થી 5 તારીખ સુધીમા સંસ્થાના એકાઉન્ટ વિભાગ મા અચુક જમા કરાવવાની રહેશે. કેન્ટીન ખાતે લગાડવામાં આવેલ સબમીટર નાં રીડીંગ આધારિત પ્રવર્તમાન વિજ દર પ્રમાણે જે વિજ વપરાશ ની રકમ થાય તેના ૫૦% રકમ વિજ વપરાશ ની રકમ તરીકે જમા કરાવવાના રહેશે , હિસાબી શાખામા થી મળેલ પંહોચની નકલ કેંટીન સમીતીમા અચુક જમા કરાવવાની રહેશે. |
| F-12 | બે માસનુ ભાડુ બાકી રહેશે તો તાત્કાલીક અસર થી કરાર આપોઆપ રદ થશે અને સિક્યોરીટી ડિપોજિટ્ની રકમ જપ્ત કરી શકાશે . |
| F-13 | **કેંટીન ઠેકેદાર ને રસોડા ખાતે ઉપ્લબ્ધ પંખા તથા ટ્યુબ લાઇટ્સ સિવાય એક સાદુ ફ્રિજ, એક ડીપ ફ્રિજર , એક ટોસ્ટર , એક ઓવન, એક સાદુ મિક્સ્ચર ગ્રાઇંડર , એક ખીરુ / ચટની બનાવવા માટે નુ ગ્રાઇંડર રાખી શકાશે .**<br>**કેંટીન મા છાત્રોને બેસવાની જ્ગ્યાએ લાઇટ પંખા નો ઉપયોગ જરુર પ્રમાણે જ થાય તથા ખોટો બગાડ ન થાય તે જોવાની જવાબદારી કેંટીન ઠેકેદારની રહેશે .** |
| G | **કેન્ટીન ઠેકેદારને ફરિયાદ તથા તે અનુસંધાને લાગુ પડતી પેનલ્ટી/દંડ ને લગતી શરતો** |
| G-1 | કોલેજ કેન્ટીન કોન્ટ્રાક્ટરે એક ફરિયાદ રજિસ્ટર નિભાવવાનુ રહેશે. આવુ એક રજિસ્ટર બનાવી તેમા પેજ નમ્બર લખી તેની બાજુમા કેન્ટીન કમિટી દ્વારા સહી સિક્કા કરાવી લેવાના રહેશે. જેની પણ |

| | |
|---|---|
| | ફરીયાદ મળે તેની નોંધ કરવાની રહેશે તથા ફરિયાદીને તેની પંહોચ આપવાની રહેશે.આવી ફરીયાદ મળે તરત જ કેન્ટીન કમિટી સમક્ષ રજિસ્ટર રજુ કરી તે બાબતે યોગ્ય ખુલાસો કરવાનો રહેશે. |
| G-2 | ફરિયાદ ની ગમ્ભીરતા ને ધ્યાને લઈ કેન્ટીન કમિટી અ) સુધારાની તક આપી શકશે બ) પેનલ્ટી ફટ્કારી શકશે ક) કોન્ટ્રાક્ટ રદ કરી શકશે ડ) સિક્યોરીટી ડિપોજીટ્ની રકમ જપ્ત લઈ શકશે. |

દરેક પ્રસંગે ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે. "Subject to " **Gandhinagar Jurisdiction**"

આચાર્યશ્રી

સરકારી ઇજનેરી કોલેજ - ગાંધીનગર.

ઉપરોકત તમામ શરતો મેં વાંચી છે, આ શરતો મને મંજુર છે. ઉપરોક્ત તમામ શરતો અમોને (કેન્ટીન ઠેકેદાર ને) મંજુર તથા બંધન કર્તા રહેશે તે મુજબ નો બાંહેધરી ખતપત્ર રૂ. 100/- ના સ્ટેમ્પ પેપર ઉપર કોંટ્રાક્ટ અપાયાની જાણ કરતા પત્રની તારીખથી દસ દીવસ મા હુ રજુ કરીશ તેની બાંહેધરી આપુછુ.

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

**સીલ**

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

ભાગ-3

પ્રતિ, આચાર્યશ્રી,
સરકારી ઇજ્નેરી કોલેજ,
ગાંધીનગર

**સરકારી ઇજ્નેરી કોલેજ, ગાંધીનગર માટે કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ (2018/2 ) માટે ભાગ-3 A & B માં દર્શાવેલ સંસ્થા એ સુચવ્યા પ્રમાણે નાં ભાવ તમામ પ્રકારના વેરા સાહિત અમોને માન્ય રહેશે**

| ભાગ – A | | | |
|---|---|---|---|
| ક્રમ | વસ્તુ | વજન/કવોન્ટિટી/નંગ | ભાવ (રુપિયા) |
| 1 | અન લિમિટેડ થાળી | રોટલી/ભાખરી/પુરી<br>શાક : લીલોતરી<br>શાક : કઠોળ / પનીર<br>ભાત/ખિચડી<br>દાળ/કઢી<br>સિસનલ સલાડ – 30 ગ્રામ<br>અથાણું – ૨૦ ગ્રામ<br>છાશ- 150 મિલી | 60 |
| 2 | ફીકસ ડીશ. | રોટલી/ભાખરી/પુરી 5 નંગ /કુલ 125 ગ્રામ<br>શાક : લીલોતરી – 120 ગ્રામ<br>શાક : કઠોળ / પનીર - 120 ગ્રામ<br>ભાત/ખિચડી - 120 ગ્રામ<br>દાળ/કઢી - 120 ગ્રામ<br>સિસનલ સલાડ - 30 ગ્રામ<br>અથાણું – ૨૦ ગ્રામ<br>છાશ- 150 મિલી | 45 |
| 3 | રોટલી- શાક / પુરી-ભાજી | શાક/ ભાજી – 120 ગ્રામ<br>રોટલી/પુરી - 5 નંગ / 125 ગ્રામ | 25 |
| 4 | દાળ - ભાત | દાળ – 120 મી.લી. ભાત – 120 ગ્રામ | 20 |
| 5 | ચા | 100 મી.લી | 7 |
| 6 | કોફી | 100 મી.લી. | 10 |
| 7 | લસ્સી | 150 મી.લી. | 20 |
| 8 | વેજીટેબલ/ આલુમટર સેંડવીચ | વજન 150 ગ્રામ | 20 |
| ઉક્ત ( ક્રમાંક 1 થી 8 પ્રમાણે ) બધી આઈટમ્સ રોજે રોજ રાખવાની રહેશે | | | |

| ભાગ-B | | | |
|---|---|---|---|
| ક્રમ | વસ્તુ | વજન/કવોન્ટિટી/નંગ | ભાવ (રુપિયા) |
| ૧)સાઉથ ઇન્ડિયન વાનગીઓ | | | |
| 1 | ઇડલી-સંભાર (ચટણી સાથે) | 175 ગ્રામ (ચટણી સંભાર સાથે) | 15 |
| ર | વડા - સંભાર (ચટણી સાથે) | 175 ગ્રામ (ચટણી સંભાર સાથે) | 20 |
| 3 | ઉપમા | 150 ગ્રામ | 20 |
| 4 | સાદા ઢોસા | 175 ગ્રામ (ચટણી સંભાર સાથે) | 25 |
| 5 | મસાલા ઢોસા | 225 ગ્રામ (ચટણી સંભાર સાથે) | 30 |
| 6 | ટોમેટો/ ઓનીયન ઉત્તાપમ | 200 ગ્રામ (ચટણી સંભાર સાથે) | 30 |
| ૨) નોર્થ ઇન્ડિયન સ્નેકસ | | | |
| 7 | સમોસા/ કચોરી (કેચઅપ સાથે) | 100 ગ્રામ 1 નંગ + કેચપ/ચટણી અલગ | 10 |
| 8 | પૌઆ / બટેટા પૌઆ | 100 ગ્રામ | 15 |
| 9 | સુકીભાજી પૂરી / છોલે –પુરી | ભાજી – 120 ગ્રામ,<br>પુરી - 5 નંગ / 125 ગ્રામ | 25 |
| 10 | આલુ/આલું-ઓનિયન /ગોબી પરોઠા-દહિ સાથે | 150 ગ્રામ પરોઠા 50 ગ્રામ દહીં | 30 |
| 11 | ભાજીપાંઉ | 150 ગ્રામ ભાજી, ર નંગ પાંઉ 50 ગ્રામ | 35 |
| 12 | વેજ પુલાવ | 150 ગ્રામ | 35 |
| 3) ચાઈનીઝ સ્નેકસ | | | |
| 13 | નુડલ્સ (હક્કા/ચાઉમીન) | 150 ગ્રામ | 30 |
| 14 | વેજ મંચુરીયન | 150 ગ્રામ | 35 |
| 15 | વેજ ફ્રાઇડ રાઇસ /મંચુરીયન રાઇસ | 150 ગ્રામ | 35 |
| ભાગ B માં દર્શાવેલ સબ ગ્રુપ માંથી રોજે રોજ વારાફરતી ઓછામાં ઓછી ૨ વાનગી ઉપલબ્ધ રાખવાની રહેશે. | | | |

અમોને ઉપર ભરેલ વાનગીઓના ભાવ ઉપરાંત વધુમા સ્ટાન્ડર્ડ કંપનીના બિસ્કીટ, વેફર,પોપકોર્ન , નમકીન, સોફ્ટ ડ્રીંકસ (માઝા, ફ્રુટી વિગેરે ), છાસ, આઇસ્ક્રીમ મેક્સિમમ રિટેલ પ્રાઇસ પ્રમાણે આપવાનુ સ્વિકાર્ય છે. લાગુ પડતા ટેક્ષ ભરવાની જવાબદારી અમારી રહેશે

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ.....................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી..........................................

**સીલ**

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

## પત્રક-4

## ભાવપત્રક

**(કવર-ર ને ભાવપત્રક નામ આપવું તથા તેમા આ ભાવપત્રક સામેલ કરવુ. ભાડા માટે તળિયાની રકમ પ્રતિ માસ રૂ. પાંચ હજાર નક્કી કરેલ હોઈ ,  ભાડાની ઓફર રકમ પ્રતિ માસ પાંચ હજાર કરતા વધારે ભરવાની રહેશે. )**

પ્રતિ, આચાર્યશ્રી,
સરકારી ઇજનેરી કોલેજ,
ગાંધીનગર

સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર ખાતેની કેન્ટીન ચલાવવા માટે જગ્યાના વપરાશ / નિભાવ પેટે ભાડાની રકમ ______________________ પ્રતિ માસ ચૂકવવા આપવા આ સાથે ઓફર આપીએ છીએ . આ રકમ પ્રતિ માસ નિયમાનુસાર ભરવાપાત્ર થતા વિજ વપરાશના બીલ (વિજ વપરાશના બીલમાં  ૫૦% રાહત ) ઉપરાંત ની રહેશે તેની મને ખબર છે.
જો અમોને કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવશે તો અમો ટેન્ડર પ્રમાણે લાગુ લડતી તમામ શરતો નું પાલન કરવા આ સાથે બાંહેધરી આપી એ છીએ.

સ્થળઃ-    અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ-    ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

**સીલ**